## સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

૧૩.૧ નીચેના નમુના મુજબ માહિતિ આપો.

| અ.નં | મુદ્દા | વિગત |
|---|---|---|
| | (૧)કાર્યક્રમ /યોજનાનુ નામ | (૧)સર્વ માટે અન્ન યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળના કુંટુબો માટેની રૂા.૧૧,૦૦૦/– ની વાર્ષિક આવક મર્યાદા અ.ના.પુ વિભાગના તા.૩૦/૩/૯૪ ના ઠરાવ નં. પીડીએસ/૧૦૯૨/૨૨૨૫/ક થી નિયત થયેલ છે.<br>(૨) અત્યંત ગરીબ કુટુબો માટેની અંત્યોદય અન્ન યોજના અ.ના.પુ વિભાગના ઠરાવ ક્રમાંક પીડીએસ/૧૦૨૦૦૧/૫૯/ક તા.૧૪/૨/૨૦૦૧ થી નિયત થયેલ છે.<br>(૩) નિરાધાર વૃધ્ધોને પેનશનના બદલે અનાજ આપવાની અન્નપુર્ણા યોજના અ.ના.પુ વિભાગના ઠરાવ ક્રમાંક પીડીએસ/૧૦૨૦૦૧/૧૭૭૭/ક તા. ૯/૧૧/૨૦૦૧ થી નિયત થયેલ છે.<br>(૪) જાહેર વિતરણ યોજના નીચે કાર્ડદીઠ મહતમ ૧૦ લીટર વાદળી રંગનું કેરોસીન (રાંધણ ગેસ ન ધરાવતા હોય તેવા તમામ કાર્ડ હોલ્ડર માટે ) |
| | (૨)કાર્યક્રમ/યોજનાનો સમયગાળો | – |
| | (૩)કાર્યક્રમનો ઉદ્દેશ | (૧) ગરીબી રેખા હેઠળના કુટુંબોને રાહત દરથી ઘઉ અને ચોખા નો જથ્થો ઉપલબ્ધ કરાવવાનો ઉદ્દેશ.<br>(૨)અત્યંત ગરીબ કુટુબોને ઘઉ ,ચોખા ઉપરના રાહતદરથી પણ ઓછા દરથી જથ્થો ઉપલબ્ધ કરાવવાનો ઉદ્દેશ.<br>(૩) રાષ્ટ્રિય કે રાજયની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવાની પાત્રતા ધરાવનાર પરંતુ પેન્શન યોજનાનો લાભ ન મેળવતા હોય તેવા ૬૫ વર્ષ કે તેથી ઉપરના નિરાધાર વૃધ્ધોને અનાજ પુરો પાડવાનો ઉદ્દેશ.<br>(૪)રાંધણ ગેસ ધરાવતા હોય તે સિવાયના તમામ પ્રકારના જરૂરીયાતમંદ કાર્ડ હોલ્ડરોને રાહત દરથી રાધંણ અને દીવાબતીના હેતુસર કેરોસીન ઉપલબ્ધ |

| | | |
|---|---|---|
| | | કરાવવાનો હેતુ. |
| | (૪)કાર્યક્રમના ભૌતિક અને નાણાકીય લક્ષ્યાંકો (છેલ્લા વર્ષ માટે) | :અંત્યોદય યોજના: હેઠળ ત્રણ તબકકાની કામગીરી પુર્ણ થયેલ છે. ચોથા તબકકાનો લક્ષાંક ૧૭૨૫. |
| | (૫)લાભાર્થીની પાત્રતા | (૧) રૂા.૧૧,૦૦૦/– ની વાર્ષિક કૌટુબિક આવક ધરાવતા કુંટુંબો .<br>(૨) ગરીબી રેખા હેઠળના કુટુબોમાં પણ સૌથી ગરીબ કુટુબો . તેમજ જેને કોઈ આધાર ન હોય તેવા કુટુંબ/વ્યકિત.<br>(૩) કોઈપણ પ્રકારનુ સરકારી પેન્શન ન મેળવતા ૬૫ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા નિરાધાર વૃધ્ધ<br>(૪) રાંધણ ગેસ ન ધરાવતા હોય તેવા તમામ પ્રકારના કાર્ડ હોલ્ડર. |
| | (૬) લાભ અંગેની પૂર્વ જરૂરીયાતો | ઉપરોકત મુદ્દા નં. ૫ મુજબ |
| | (૭) કાર્યક્રમનો લાભ લેવાની પધ્ધતિ | ઉપરોકત ચારેય યોજના નીચે કાર્ડ મેળવવા માટે મુદ્દા નં. ૫ મુજબ પાત્રતા ધરાવનાર યોગ્ય અરજદારે તેમના તાલુકા મામલતદારશ્રીને અરજી કરવાની રહે છે. અરજીનો નમુનો પરિશિષ્ટ –૧ સામેલ છે. |
| | (૮) પાત્રતા નકકી કરવા અંગેના માપદંડો | ઉપરોકત મુદ્દા નં. ૫ મુજબ |
| | (૯)કાર્યક્રમમાં આપેલ લાભની વિગતો (સહાયકીની રકમ અથવા આપવામા આવેલ અન્ય મદદ પણ દર્શાવવી ) | (૧) ગરીબી રેખા હેઠળના કુટુંબોને પ્રતિ કિલો રૂા.૨/– ના દરથી માથાદીઠ દોઢ કિલો અને કાર્ડ દીઠ કુલ ૯ કિલો ઘઉ તેમજ પ્રતિ કિલો રૂા.૩/– ના દરથી માથાદીઠ એક કિલો અને કાર્ડદીઠ કુલ સાડાત્રણ કિલો ચોખા આ યોજના નીચે આપવામાં આવે છે. આ યોજના નીચે કાર્ડદીઠ વધારાના ૫ કિલો ઘઉ રૂા. ૫/– ના દરથી તેમજ અઢી કિલો ચોખા રૂા.૬:૭૦ (પ્રતિ કિલો)ના દરથી અને વ્યકિત દીઠ ૫૦૦ ગ્રામ ખાંડ રૂા.૧૩.૫૦ ના દરથી વિતરણ કરવામાં આવે છે.<br>(૨) અંત્યોદય યોજના નીચે કાર્ડદીઠ પ્રતિ કિલો રૂા.૨/– ના ભાવથી ૨૮ કિલો ઘઉ અને રૂા. ૩/– ના દરથી ૭ કિલો ચોખા તેમજ વ્યકિત દીઠ ૫૦૦ ગ્રામ ખાંડ રૂા.૧૩.૫૦ ના દરથી વિતરણ કરવામાં આવે છે.<br>(૩) અન્નપુર્ણા યોજના નીચે પાત્ર નિરાધાર |

| | | |
|---|---|---|
| | | વૃધ્ધોને માસીક ૧૦ કિલો લેખે વાર્ષિક કુલ ૧૨૦ કિલો ઘઉ વિના મુલ્યે વિતરણ કરવામાં આવે છે.<br>(૪) રાંધણ ગેસ ન ધરાવતા કોઈપણ પાત્ર કાર્ડ હોલ્ડરો કાર્ડદીઠ માસીક મહતમ ૧૦ લીટરની મર્યાદામાં જાહેર વિતરણ યોજના નીચે વાદળી રંગનુ કેરોસીન નિયત દરથી વિતરણ કરવામાં આવે છે. |
| | (૧૦)સહાયકી વિતરણની કાર્યપધ્ધતિ | લાભાર્થીના વિસ્તારની વ્યાજબી ભાવની દુકાન મારફતે ઉપર દર્શાવેલ અનાજનુ વિતરણ કરવામાં આવે છે. |
| | (૧૧)અરજી કયાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | જરૂરીયાતમંદ અરજદારે તેમના તાલુકાના મામલતદારશ્રીને અરજી કરવાની રહે છે. |
| | (૧૨)અરજી ફી (લાગુ પડતુ હોય ત્યાં ) | બી.પી.એલ કાર્ડ રૂા.૫/– , એ.પી.એલ–૧ કાર્ડ રૂા.૧૦/– અને એ.પી.એલ –ર કાર્ડ રૂા.૨૦/– ની કિંમતથી મેળવી શકાય છે. જયારે અંત્યોદય યોજનામા કાર્ડ નિઃશુલ્ક આપવામાં આવે છે. |
| | (૧૩)અન્ય ફી (લાગુ પડતુ હોય ત્યાં) | ઉપર દર્શાવેલ દરથી ડુપ્લીકેટ કાર્ડ મેળવી શકાય છે કે કાર્ડમાં સુધારાવધારા કરાવી શકાય છે. અંત્યોદય યોજના માટે આ કામે કોઈ ફી લાગુ પડતી નથી. |
| | (૧૪)અરજીપત્રકનો નમુનો (લાગુ પડતુ હોય તો જો સાદા કાગળ પર અરજી કરી હોય તો અરજદારે અરજીમાં શું શું દર્શાવવુ તેનો ઉલ્લેખ કરો) | અરજીપત્રકનો નમુનો આ સાથે ઈલાયદો સામેલ રાખેલ છે. |
| | (૧૫)બિડાણોની યાદી (પ્રમાણપત્રો/દસ્તાવેજો) | (૧) મકાન ફાળવવાની પહોચ, વર્ગીકરણની પહોચ, વીજળી બીલ ,મતદારયાદી–ચુંટણી ઓળખકાર્ડની નકલ એ પૈકી કોઈ એક પુરાવો તેમજ આવકનો દાખલો , જુના/ચાલુ કાર્ડની નકલ , જન્મમરણના નોધણીના પુરાવા, જે તે તાલુકા મામલતદારનો કાર્ડ /નામ કમીનો દાખલો તથા સોગંધનામુ અને અન્ય વિગતો અરજી સાથે બીડવાના રહે છે. |
| | (૧૬)બિડાણોનો નમુનો | – |
| | (૧૭)પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે કયાં સંપર્ક | પ્રક્રિયાને લગતી સમસ્યાના નિવારણ માટે તાલુકા મામલતદારશ્રી નો સંપર્ક કરવાનો રહે |

| | | |
|---|---|---|
| | કરવો. | છે. તેમ છતાં જરૂરી જણાય તો અરજદાર જિલ્લા પુરવઠા અધિકારીશ્રી કે કલેકટરશ્રી નો સંપર્ક કરી શકે છે. |
| | (૧૮)ઉપલબ્ધ નિધિની વિગતો (જિલ્લા કક્ષા,ઘટક કક્ષા વગેરે જેવા વિવિધ સ્તરોએ) | – |
| | (૧૯)નીચેના નમુનામાં લાભાર્થીઓની યાદી | – |